


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૭-૧૧-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક સુદ ૬ વર્ષ : ૩૦ અંક ૬૬

# અમરેલીમાં લોહાણા મહાજન પુ. જલાબાપાનાં વધામણા કરશે

## શુક્રવારે જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિ નિમિતે કળશ કન્યાનો નિઃશુલ્ક કાર્યક્રમ : મહાઆરતી, મહાપ્રસાદ, શોભાયાત્રા, પુજન-અર્ચન સહિતનાં કાર્યક્રમો





અમરેલી,અમરેલીમાં લોહાણા મહાજન દ્વારા શ્રી જલારામબાપાની ૨૨૫મી જન્મજયંતિ તા.૮-૧૧-૨૪ શુક્રવારનાં રોજ ઉજવાશે. તે નિમિતે બપોરે ૩:૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા જલારામ મંદિરથી હરિધામ લીલીયા રોડથી નિકળી જીવરાજ મહેતા ચોક, ટાવર રોડ, હવેલી ચોક, નાગનાથ મંદિરે પુર્ણ થશે. સાંજે ૭ કલાકે મહાઆરતી અને ૭:૩૦ કલાકે મહાપ્રસાદ કાર્યક્રમ યોજાશે. તા.૮-૧૧-૨૪ શુક્રવારે દર્શન, પુજન અર્ચન સહિતનો લાભ લેવા નાગનાથ મંદિરથી મહાજન વાડી જવા માટે વાહન વ્યવસ્થા પણ રાખેલ છે. કાર્યક્રમનો લાભ લેવા શ્રી લોહાણા મહાજન તેમજ ટ્રસ્ટીગણ તેમજ શ્રી જલારામ મંદિર કમિટી તેમજ સર્વે સભ્યો દ્વારા જણાવાયું છે. જલારામ જયંતિ ઉત્સવ માટે માતુશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી, લાઠી રોડ અમરેલી ખાતે તડામાર તૈયારીઓ થઈ રહી છે.




## શુક્રવારે જલારામ જયંતિનાં કારણે સાવરકુંડલા માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે







**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**૭૦,૧૫૦/-** (૧૦ ગ્રામ)

રહેલ તા.૦૬-૧૧-૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.




સેવા સંગઠન સહકાર

## સ્વ.શ્રી ગોવિંદબાપા ઘરજીયા તળપદા કોળી પટેલ બોર્ડીંગ - અમરેલી

એરોડ્રામ સામે, ચિતલ રોડ, અમરેલી મો.૯૭૨૭૭ ૧૯૮૨૫

આથી અમરેલી જિલ્લાના તથા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાનાં તેમજ દક્ષિણ અને ઉતર ગુજરાતનાં જિલ્લાઓના વિદ્યાર્થીઓને વિનંતી સાથ જણાવવાનું કે તા.૧૫-૧૧-૨૦૨૪ થી તા.૧૫-૪-૨૦૨૫ સુધીનાં વિદ્યાર્થીઓની સત્ર ફી જમવા તથા રહેવા સાથેની ટર્મ ફી રૂા.૧૮૦૦૦/- પુરા તા.૮-૧૧-૨૦૨૪ પહેલા ફી ભરી પોતાની એડમીશન સ્લીપ સંસ્થામાંથી મેળવી લેવી.

ધોરણ ૧૦ થી પોસ્ટ ગ્રેજ્યુએટ, પોલીટેકનીક, આઇટીઆઇ વિગેરે તમામ ફેકલ્ટીમાં એડમીશન મળશે.

સંસ્થામાંથી દરેક વિદ્યાર્થીને ડિનર સેટ, બેડીંગ સેટ, નાહવા માટે ડોલો વિગેરે સુવિધાઓ આપવામાં આવશે.

**એડમીશન લેતી વખતે વાલીને સાથે લાવવાના રહેશે.**

સંસ્થાના તમામ નિતી નિયમો ચુસ્તપણે પાળવાના રહેશે.

ખાસ નોંધ :- વ્યસની વિદ્યાર્થીઓ જેઓ પાન, માવા, ગુટખા ખાા હોય તેઓને એડમીશન આપવામાં આવશે નહી.

વહેલા તે પહેલાના ધોરણે એડમીશન ચાલુ છે.
આધારકાર્ડ, લીવીંગ સર્ટીફીકેટ, ૨ ફોટા સાથે લાવવાના રહેશે.

-:: વધારે માહિતી માટે સંપર્ક ::-

શ્રી જીવરાજભાઇ હરિભાઇ સોલંકી (રીટાયર્ડ -BSNL - સિનિયર સેક્શન સુપરવાઇઝર) અમરેલી મો.૯૪૨૮૯ ૭૦૬૮૦

શ્રી નનકુભાઇ ગોવિંદભાઇ ઘરજીયા (રીટાયર્ડ -PI - CID, IB - ગુજરાત સ્ટેટ) અમરેલી મો.૯૭૨૭૭ ૧૯૮૨૫

શ્રી અજયભાઇ એચ.ઘરજીયા (M.A.,B.P.Ed.) અમરેલી મો.૯૯૨૫૬ ૬૦૦૨૩

શ્રી જગદીશભાઇ જી.ઘરજીયા (ક્રિષ્ના ટ્રાવેલ્સ) અમરેલી મો.૯૪૨૭૨ ૭૪૯૪૯

શ્રી ગોવિંદભાઇ કે.બાવળીયા (ગુરૂકૃપા જીનીંગ એન્ડ ઓઇલ ઇન્ડ.) બાબરા મો.૯૪૨૭૨ ૮૦૩૫૧

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી

'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી.
ફોન નં.૦૨૭૯૨-૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮ ઇ-મેઇલ : ajmsbank@yahoo.co.in

### બેંકની હેડ ઓફીસ, અમરેલીની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી., અમરેલીમાં આવેલ જમીન વેચાણ કરવા માટે ટેન્ડર

આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ બેંકની હેડ ઓફીસ, અમરેલીની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી., અમરેલીમાં બેંકના **પ્લોટ નં.-૨ સર્વે નં.૩૦/૧-ક** ની વાણીજ્ય વપરાશની કુલ જમીન **૨૬૯૬.૩૭ ચો.મીટર** પૈકી **૩૮૩.૬૩ ચો.મીટર** જમીન બેંક વાહન પાર્કિંગ અને બ્લોક પેવિંગ અને બાકીની બેંકને ફાળવેલ **૨૩૧૨.૭૪ ચો.મીટર** જમીન માલીકી હકકથી વેચાણ કરવા બેંકે નિર્ણય કરેલ હોવાથી સદર વર્ણનવાળી જમીન જોવા માટે બેંકની હેડ ઓફીસ, અમરેલીના **શ્રી બી.એસ.કોઠીયા, જનરલ મેનેજર (સી.ઇ.ઓ.)** મોબાઈલ નં.૯૮૨૫૨ ૩૫૪૭૫ નો સંપર્ક કરવાનો રહેશે. **જમીન ખરીદવા રસ ધરાવતા ઇસમોએ દિન-૧૫ એટલે કે તા.૨૧/૧૧/૨૦૨૪ સુધીમાં બેંકના ઓફિસ અવર્સ દરમ્યાન ટેન્ડર બંધ કવરમાં હેડ ઓફિસ અમરેલી મુકામે અમોશ્રીને રૂબરૂ રજુ કરવા અને ટેન્ડર સાથે રૂા.૧૦૦૦૦૦/- (અંકે રૂા. એક લાખ પુરા) ડિપોઝીટ પેટે તથા પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ સાથે બેંકમાં જમા કરાવવા આથી જાણ કરવામાં આવે છે અને ટેન્ડરની નકલ હેડ ઓફીસ, અમરેલીમાંથી મેળવી લેવાની રહેશે.**

(બી.એસ.કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઇ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લિ., અમરેલી

### સ્વચ્છતા, વીજળી, પાણી અને વૃક્ષારોપણ પણ દેશ સેવા : મુખ્યમંત્રીશ્રી : ચાડીયામાં સરોવર અને કુંડલામાં રિવરફ્રન્ટ, સ્વ. ભગવાનબાપાની પ્રતિમાનું અનાવરણ

# નુતન વર્ષે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે

### શ્રી અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ-ચાડિયાની રજૂઆતના પરિણામે ચાડિયા ગામે તળાવનું નવસર્જન થશે : તળાવની જળ સંગ્રહ શક્તિમાં ૧૧ કરોડ લિટરનો વધારો થશે

### નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવા રૂપિયા ૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવતી રાજ્ય સરકાર : સાવરકુંડલામાં ધરતી પુત્ર સ્વ. ભગવાન બાપાની પ્રતિમાનું અનાવરણ કરવું એ મારા માટે ગૌરવની ક્ષણ : મુખ્યમંત્રીશ્રી















અમરેલી,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી તાલુકાના ચાડિયા ગામે નવસર્જન પામનાર બાબુભાઈ આર. પેથાણી સરોવરનું ભૂમિ પૂજન કર્યુ હતું. અમરેલીથી આશરે ૨૫ કિમી દૂર ચાડિયા ગામે માતૃભૂમિ વંદના મહોત્સવમાં સહભાગી થતા જનભાગીદારીથી થનાર બાબુભાઈ આર. પેથાણી સરોવરનું શીલા પૂજન સાથે ખાતમુહૂર્ત કર્યું હતું.

શ્રી અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ - ચાડિયા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, અમરેલી જિલ્લાની વિવિધ સેવાકીય સંસ્થાઓની મુલાકાતનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, અમરેલી જિલ્લાની વિવિધ સેવાકીય સંસ્થાઓએ ચરિતાર્થ કર્યું છે કે સેવા કરવા માટે આવશ્યકતા નથી. સામાન્ય નાગરિકથી લઈ કોઈપણ સંસ્થાઓ પોતાના સેવા કાર્યો થકી રાષ્ટ્રની સેવા કરી શકે છે. સ્વભાવ અને સંસ્કાર સાથે સ્વચ્છતા વણાઈ જાય ત્યારે સેવા ભાવ દીપી ઊઠે છે.

મુખ્યમંત્રીશ્રીએ પાણીને ખૂબ સાચવી અને કાળજીપૂર્વક વાપરવાના સંદેશને યાદ કરીને પાણીની બુંદ-બુંદને બચાવવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, દરેક ૭૫ અમૃત સરોવર નિર્માણના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને અમરેલી જિલ્લાએ ખૂબ સુપેરે ઝીલ્યું અને અમરેલી જિલ્લામાં ૯૯ જેટલા સરોવરનું નિર્માણ થયું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા જાળવવી, વીજળી, પાણી અને પેટ્રોલ સહિતના સંસાધનોની બચત ઉપરાંત વૃક્ષારોપણ કરવું તે પણ દેશ સેવા છે. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ અવિરતપણે જનકલ્યાણના કાર્યો રહેવા માટે આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, ચાડિયા વિકસિત હોવાની સાથે સામાજિક સમરસતાનું પણ મોટું ઉદાહરણ છે. દરેક જ્ઞાતિ-જાતિના લોકોએ સાથે મળીને અહીં નવ ગ્રહોની પૂજા કરી છે જે ચાડિયાને ખરાં અર્થમાં આદર્શ ગામ બનાવે છે.

રાજકોટ શહેર પૂર્વ મેયર અને મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન અને ચાડિયા ગામના વતની શ્રી ધનસુખભાઈ ભંડેરીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નૂતન વર્ષના પ્રારંભે અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છા પાઠવી જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસના પરિણામે અયોધ્યામાં શ્રીરામ મંદિરનું નિર્માણ થયું જેના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. આ દિવાળી વિશેષ છે કારણ કે, પાચસો વર્ષ બાદ ભગવાન શ્રી રામ અયોધ્યા નીજ મંદિર ખાતે બિરાજમાન થયા છે.

આ નૂતન વર્ષ એ વિકાસના નવતર સંકલ્પો સાકાર કરવાનું વર્ષ બની રહેશે તેમ ઉમેરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, દીપાવલીના પર્વ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વાકબારસના પાવન તહેવારે રુ.૪૮૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી છે, તો આજે સાવરકુંડલા વિસ્તારને રુ.૧૨૨ કરોડના વિકાસ પ્રકલ્પોથી લાભાન્વિત કરવાનો મને અવસર મળ્યો છે. તેમણે ઉમેર્યુ કે, વર્તમાન સરકારમાં કરોડોના વિકાસ કાર્યો થઈ રહ્યા છે તે સબળ નેતૃત્વનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પહેલાના સમયમાં નગરપાલિકાનું આખા વર્ષનું બજેટ રુ.૫-૧૦ લાખનું હતું. નગરપાલિકા દ્વારા રુ.૧૦૦ કરોડના કામોના વિકાસકાર્યોના લોકાર્પણ થઈ રહ્યા છે. સબળ નેતૃત્વ થકી પરિવર્તન લાવનારા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આયોજનબધ્ધ વિકાસ કામોને સરકારમાં ત્વરિત મંજૂરી મળી રહી છે, જેના પરિણામે વિકાસ વેગવંતો બન્યો છે.

રાજ્યમાં રોડ રસ્તા, પીવાનું અને સિંચાઈનું પૂરતું પાણી, નિયમિત વીજળી, પાકની વાવણીથી પાકની લલણી સુધી તથા પાકના વેચાણ સુધી ખેડૂત લક્ષી યોજનાઓ રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે અમલમાં મૂકી છે જેના કારણે ખેડૂતો આર્થિક રીતે સદ્ધર બની રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સાવરકુંડલા ખાતે રુ.૧૨૨ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. મુખ્યમંત્રીશ્રીએ સાવરકુંડલા મુકામે સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના રુ.૧૦૩ કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને માર્ગ અને મકાન વિભાગ પંચાયતના ૪.૯૦ કરોડ રૂપિયાના લોકાર્પણ અને ૧૩.૪૭ કરોડના ખાતમુહૂર્ત કર્યા હતા.

આ તકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાવરકુંડલા એપીએમસી ખાતે આજીવન ખેડૂતોની સેવાને વરેલા અને સમૂહ ખેતીના પ્રણેતા પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતુ. પૂર્વ ધારાસભ્ય અને ધરતી પુત્ર સ્વ.ભગવાનબાપાએ આજીવન ખેડૂતની સેવા કરીને ખેડૂતોના દિલમાં સાચા સેવકનું બહુમાન મેળવ્યું હતું.

સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, નૂતન વર્ષે અમરેલી જિલ્લાને કરોડો રુપિયાના વિકાસના કામોના પ્રોજેક્ટ સરકારે ભેટ આપ્યા છે. સાવરકુંડલાના વિકાસ માટે રુ.૧૨૨ કરોડના વિકાસ કામોની રાજ્ય સરકારે ભેટ આપી છે. આ સાથે ખેડૂતોના સાચા સેવક પૂર્વ ધારાસભ્ય સ્વ.ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે. શ્રી રૂપાલાએ ઉમેર્યુ કે, આવનારી પેઢી સ્વ.ભગવાનબાપા પાસેથી પ્રેરણા મેળવશે. સમૂહ ખેતીએ આજના સમયની જરુરિયાત છે ત્યારે ભગવાન બાપાએ વર્ષો અગાઉ સમૂહ ખેતીને પ્રોત્સાહન આપ્યું હતું.

પોતાના દાદા અને સમૂહ ખેતીના પ્રણેતા ધરતીપુત્ર સ્વ. ભગવાન બાપાને યાદ કરીને ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યુ કે, ભગવાન બાપાના પ્રયાસોથી સૌરાષ્ટ્રનું પ્રથમ યાર્ડ સાવરકુંડલામાં બન્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાવરકુંડલા અને લીલીયાના વિકાસ માટે બે વર્ષમા રુ.૧૬૦૦ કરોડની માતબર રકમ ફાળવી છે. રોડ રસ્તાના કામ માટે રુ.૧૭૧ કરોડ ફાળવ્યા જેમા ૧૨૦ રોડ પૈકી ૭૪ રોડના કામ ટૂંક સમયમાં શરુ થશે. રાજ્ય સરકારે નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવા માટે રુ.૨૫ કરોડ મંજૂર કર્યા છે. આ રિવરફ્રન્ટ બનવાથી નાવલી નદી પુનર્જીવિત થવાની સાથે શહેરની શોભામાં વધારો થશે.

ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના વિવિધ વિકાસ કાર્યોના અભિયાનને વેગ મળ્યો છે. સહકારિતાના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના સમૃદ્ધિના દ્વાર ખુલશે. ભગવાન બાપાએ નવયુવાનોને આપેલા પ્રોત્સાહનના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહિરે જણાવ્યુ કે, પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપાએ પોતાના માટે નહીં પણ છેવાડાના માનવી માટે હંમેશા કામ કર્યું હતું. માયાભાઈએ આ તકે ભગતબાપુ તેમજ કાગ બાપુને યાદ કર્યા હતા. તેમણે જનકલ્યાણના કાર્યો થકી સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવ ધારાસભ્ય શ્રી કૌશિક ભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વશ્રી જે.વી. કાકડીયા, શ્રી જનકભાઈ તળાવીયા, શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી કંચનબેન રાદડીયા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી, સાવરકુંડલા માર્કેટ યાર્ડ અધ્યક્ષ શ્રી દીપકભાઈ માલાણી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, પૂર્વ સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય સર્વ શ્રી બાવકુભાઈ ઉંઘાડ, શ્રી વલ્લભભાઈ કાકડીયા, શ્રી મનસુખભાઈ ભુવા, શ્રી હનુભાઈ ધોરાજીયા, શ્રી કાળુભાઈ વિરાણી, શ્રી અંબરિશભાઈ ડેર, રાજુલાના અગ્રણીશ્રી જિજ્ઞેશભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, શ્રી હિરેનભાઈ હિરપરા, શ્રી વિપૂલભાઈ દૂધાત, શ્રી ધીરુભાઈ વાળા, જિલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનો, અગ્રણીઓ, નગરશ્રેષ્ઠીઓ, ખેડૂતો અને નાગરિકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદીએ કરી હતી. શ્રી કંચનબેન રાદડિયા, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, તરવડાના કૃષ્ણપ્રિય સ્વામીજી, પ્રીતમલાલજી મહારાજ, શ્રી અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ ગઢીયા, ટ્રસ્ટીશ્રીઓ શ્રી ધીરુભાઈ ભંડેરી, શ્રી ધનસુખભાઈ શ્રી અશ્વિનભાઈ પેથાણી, શ્રી કાળુભાઈ ગઢીયા, શ્રી બાબુભાઈ ભંડેરી તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાવરકુંડલાના પ્રખ્યાત વજન કાંટો, ઘંટી તેમજ બળદગાડું સહિતના ગ્રામ્ય સંસ્કૃતિના પ્રતિકોથી મુખ્યમંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. એ.પી.એમ.સી.ના અધ્યક્ષ શ્રી દીપકભાઈ માલાણીએ શાબ્દિક સ્વાગત કર્યુંહતું. કાર્યક્રમમાં લોક કલાકાર સર્વ શ્રી વિજયદાન ગઢવી, શ્રી કિરીટદાન કુંચાલા, શ્રી હર્ષાબેન કારેલિયા, શ્રી રેખાબેન વાળા અને સાજીંદાઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

# ભાજપ સદસ્યતા નોંધણીમાં અમરેલી શહેર ભાજપનાં શ્રી ભરતભાઇ મકવાણા અગ્રેસર



### શહેરમાં ૬૦૦ થી પણ વધારે ભાજપનાં સભ્યો નોંધી સ્થાન

અમરેલી,

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠન પર્વ નિમિત્તે સદસ્યતા નોંધણી અભિયાન અંતર્ગત અમરેલી શહેરમાં ૬૦૦ સભ્યો થી પણ વધારે સભ્યોને ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડીને અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરતભાઈ મકવાણાએ સમગ્ર અમરેલી શહેરમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ભરતભાઈ મકવાણા વેલનાથ યુથ ફાઉન્ડેશન અમરેલીના પ્રમુખ છે આ ઉપરાંત ગુજરાત ચુવાડિયા કોળી સમાજના પ્રદેશ મંત્રી પણ છે. સમસ્ત કોળી સમાજમાં તેઓ એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીના કરમઠ અને યુવા કાર્યકર્તા છે.


શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૫ની આકર્ષક નવી ડીઝાઈનમાં બોક્ષ - સેમી બ્રોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩




અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩ અક્ષય પટેલ મો. ૭૦૯૯૦ ૪૧૦૦૮
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫ www.shyamcateres.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીશેપ્સન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
શ્યામ કેટરર્સ
SHYAM Caterers
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

૨૦૨૪-૨૫ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
સોફા બેડ કબાટ
મીરા ફર્નિચર
ડાઇનીંગ ટેબલ ટીપોઇ
વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર : ૯૯૨૪૫ ૫૬૨૫૮
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

અમરેલીના દરેક એરીયામાં મકાન-દુકાન-ગોડાઉન ભાડે આપવાના છે
(૧) હરી રોડ બેંક ઓફ ઇન્ડીયાની સામે કોમ્પલેક્ષ થાય એવી ૪૦x૪૨ નો ૧૪૨ વારનો ખુલ્લો પ્લોટ રજાચિઠી પ્રોપર્ટી કાર્ડવાળો કસમાં કુંકી મારવાનો છે. (૨) લાઇબ્રેરી રોડ, ગોકુલ ચેમ્બર્સમાં ચાલુ ભાડાની આવકવાળો એસી હોલ ૪૦૦ ફુટ કસમાં કુંકી મારવાનો છે. (૩) લીલીયા રોડ ઉપર પટેલવાડીની સામે એકી સાથે ૬ દુકાન વેચવાની છે (૪) ચકકરગઢ રોડ ઉપર સંકુલની બાજુમાં સંસ્કારમાં 2BHK નો ફ્લેટ તેમજ 1BHK નો ફ્લેટ કસમાં આપી દેવાનો છે
સાંઇ સદ્‌ગુરૂ એસ્ટેટ બ્રોકર
પ્રભુદાસ તલાટી મો.૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, એસ.ટી.ડેપો સામે, અમરેલી
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે ૫:૦૦ થી ૮:૦૦

દુકાન વેચવાની છે
અમરેલી મધ્યમાં લાઇબ્રેરી રોડ ઉપર દુકાન ટાઇટલ કિલયર પ્રોપર્ટી કાર્ડવાળી અને લોનેબલ દુકાન વેચવાની છે.
સંપર્ક : મો.૯૮૭૯૮ ૫૯૧૧૮

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

॥ જય રામેશ્વર ॥
મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧
મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
ઉધઇ પ્રવિણભાઇ થી બચો
ઘર, દુકાન, ઓફિસ ઉધઈ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઇબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ ૧૨ વર્ષની ગેરંટી

મિલ્કત વેચવાની છે
અમરેલી મધ્યમાં લાઇબ્રેરી રોડ ઉપર દર માસે ૬૦,૦૦૦/- ચાલુ ભાડાવાળી મિલ્કત ૯ વર્ષનું એગ્રીમેન્ટ વર્ષે વધારા સાથેની ટાઇટલ કિલયર પ્રોપર્ટી કાર્ડ વાળી અને લોનેબલ મિલ્કત વેચવાની છે
સંપર્ક : મો.૯૮૭૯૮ ૫૯૧૧૮

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૦૭-૧૧-૨૦૨૪ ગુરૂવાર




શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા) **આનંદ** કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## ઓલ ઇન્ડિયા કાઠી સમાજના હોદેદારોની વરણી

### કાઠીયાવાડ સૌરાષ્ટ્ર પાંચાળ બાબરિયાવાળમાં પંથકમાં ખુશી



અમરેલી,ઓલ ઈન્ડિયા ગુજરાત કાઠી સમાજના પ્રમુખ મુન્નાભાઈ વીશીયા દ્વારા નિમણૂક પત્રકો આપવામાં આવ્યા જેમાં સમાજના આગેવાનો હોવાથી વધુ સમાજનો વિકાસ થાય તે હેતુથી નિમણૂકો કરવામાં આવી છે જેમાં ચોટીલા પંથકના સેવાભાવી ભાજપ અગ્રણી અને રાજકીય ખૂબ જ પકડ અને સમાધાન કરે વલણ એવા પ્રમુખ ગુજરાત પ્રમુખ પ્રદીપભાઈ જીવાભાઈ ખાચર નિમણૂક થતા સમગ્ર ચોટીલા પંથકમાં હર્ષ ની લાગણી ઉદ્ભવી કાઠી સમાજના તથા ઉપપ્રમુખ તરીકે કિશોરભાઈ હરેશભાઈ ખાચર ગઢડા તથા સુરેશભાઈ દેવકુભાઈ વિકમાં મહામંત્રી તથા અશ્વિનભાઈ અનકભાઈ ખુમાણ મંત્રીશ્રી તથા મજબૂત ભાઈ જીલુભાઈ બસીયા અમરેલી રાવતભાઇ વાળા ભંગડા રાષ્ટ્રીય ખજાનચી કાઠી ક્ષત્રિય સમાજનો આ નિમણૂકથી શિક્ષણ સંગઠન જુના રિવાજો દૂર કરવા અને સમાજ એકતા કરવા આ હેતુથી કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુન્નાભાઈ વિછી યા જણાવેલ છે.

## રાજુલા પીજીવીસીએલ દ્વારા કલાત્મક રંગોળી બનાવાઇ



રાજુલા પીજીવીએસસીએલ સ્ટાફ દ્વારા રંગોળી બનાવી મોહ મીઠા કર્યા હતાં અને દિવાળી પર્વ મનાવ્યું હતું તે તસવીરમાં નજરે પડે છે.

## રાજુલામાં બાળકને ફટાકડાનો ઇંતજાર...



દિવાળી આવે એટલે બાળકો ફટાકડા ઘરમાં લીધા હોય દસ વાર ગણવા જાય અને ખુશી વ્યક્ત કરે ત્યારે વીરદેવ વરુ પણ ફટાકડા જોઈ અને રાત્રે ક્યારે ફોડું તેમ ફટાકડાની પણ પૂજા કરે કે કઈ સાંજ પડે તે રાહ જોતા હોય તે વેળાની તસવીરમાં નજરે પડે છે.

## અલમોડા બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને પૂ. શ્રી મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

### દરેક પરિવારોને રૂા. ૧૫ હજાર લેખે ૩. ૩૦ હજારની સહાય



રાજુલા, (કનુભાઈ વરૂ) સોમવારે સવારે ઉત્તરાખંડના અલમોડા તાબાના મોરચુલા અને કુપી નજીક અત્યંત દુઃખદ બસ દુર્ઘટના સર્જાઈ અને તેમાં પ્રાપ્ત વિગતો અનુસાર ૨૨ લોકોનાં કરુણ મોત નિપજયા છે. અલમોડાના કિનાથથી રામનગર જઈ રહેલી પેસેન્જર બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ખીણમાં ખાબકી હતી અને તેમાં ૨૨ લોકોનાં મોત નિપજયા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર લેખે કુલ મળીને રુપિયા ૩,૩૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. પંજાબ સ્થિત રામકથાના શ્રોતાઓ આ ઘટનાની વિગતો એકઠી કરી રહ્યા છે અને માર્યા ગયેલાઓના પરિવારજનોના બેંક એકાઉન્ટ નંબર મેળવી ટ્રસ્ટ દ્વારા આ સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને પાઠવી છે.

## રાજુલા પોલીસ પરિવારે કલાત્મક રંગોળી બનાવી



રાજુલા પોલીસ પરિવાર દ્વારા પણ ક્વાર્ટરને પોતાનું ઘર માની મહિલા પોલીસ દ્વારા સમય કાઢે ઘર આંગણે રંગોળીઓ કરી ઘરને પણ સજાવવામાં આવે છે તે તસવીરમાં નજરે પડે છે.

## વાલ્મિકી સમાજનાં પ્રમુખે લીલીયાની મુલાકાત લીધી



વાલ્મિકી સમાજ સંગઠન ગુજરાત પ્રમુખ લીલીયા તાલુકા સફાઈ કામદાર સેલ પ્રમુખ લીલીયા તાલુકા વિશ્વ હિન્દુ પરિષદના સંગઠન મનતરી. પંકજ વાળા સહિત તસવીરમાં નજરે પડે છે.

### રાજુલાના રામપરા વૃંદાવન બાગમાં ભાવિકો ઉમટી પડશે

## રાજુલાનાં રામપરામાં અન્નકુટ મહોત્સવ યોજાશે

### ઠાકોરજીનાં વિવાહ અને ધ્વજા રોહણ સહિતનાં કાર્યક્રમોની થઇ રહેલી તૈયારીઓ



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા રામપરા વૃંદાવન બાગ એટલે આ વિસ્તારનું આસ્થાનું પ્રતીક અને બાળકોનો અભ્યાસનો આશ્રમ અને બાગમાં ઠાકોરજીનું સોમનાથ જેવું કલાત્મક મંદિર છે મંદિર ગૌશાળા પણ જોવા લાયક અને ધાતરડી નદીના વહેતા પાણી દરિયે જઈ રહ્યા છે મંદિરના કાંઠે નદીમાંથી ઘાટ અને કુદરતી સૌંદર્ય નાળિયેરીના વૃક્ષોથી ભરપૂર એવા દ્રશ્યો જોવાલાયક છે ત્યારે અહીંના મહંત ૧૦૦૮ રાજેન્દ્ર બાપુ નિર્મોહી અખાડાના અધ્યક્ષ તેમજ ઓલ ઈન્ડિયા સાધુ સમાજના અગ્રણી એવા આ રાજેન્દ્ર બાપુના ત્રણ રાજ્યોમાં મહત્વના આશ્રમો જેમાં હરદ્વાર રાજસ્થાન અને ગુજરાતમાં વૃંદાવન બાગ આમ ત્રણેય આશ્રમના મહંત શ્રી છે અને રાજેન્દ્ર બાપુનું સાધુ સમાજમાં કે રાજકીય ક્ષેત્રમાં અને નરેન્દ્ર મોદીના અને મુખ્યમંત્રી યોગીજીના નજીક હોવાથી રાજકીય અને સંતોમાં પણ સારું પ્રભુત્વ ધરાવે છે તાજેતરમાં આગામી કુંભમેળામાં પણ રાજેન્દ્ર બાપુનો મહત્વની ભૂમિકા હોય છે તેમજ માર્ગદર્શક અને કાર્ય માટે વ્યવસ્થા અને માર્ગદર્શન અને સંતોને મેળામાં આમંત્રણ બેઠક વ્યવસ્થા કરવા માટે જાણીતા છે એવા લોકપ્રિય સાધુ પોતાના વૃંદાવન આશ્રમમાં આ વર્ષે ભવ્યથી અતિ ભવ્ય પરંતુ તુલસી વિવાહ અન્નકૂટ મહોત્સવ અને ધ્વજારોહનનું આયોજન કરવામાં આવ્યું છે પૂજ્ય રાજેન્દ્ર બાપુ કહેલ કે પૂજ્ય મોરારીબાપુ તથા જગન્નાથ બાપુ ની કૃપા અને આશીર્વાદથી તુલસી મહાન ભગીરથ કાર્ય ની પ્રેરણા મળી આશીર્વાદથી રાજેન્દ્ર બાપુના જણાવ્યા મુજબ તાજેતરમાં વૃંદાવન બાગમાં આગામી તારીખ ૧૨ ૧૧ ના રોજ અન્નકૂટ મહોત્સવ તથા ધજારોહણ કાર્યક્રમ તથા ભવ્ય તુલસીવિવાહનું આયોજન કર્યું છે રામપરાથી તેમજ પાટી ગામ રામજી મંદિરેથી જાન રાજુલા માર્કેટ યાર્ડના નિવૃત્ત કર્મચારી ભોળાભાઈ તથા નગર પાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામ ભાઈ લાખણોત્રા નિવાસ્થાને તુલસી માતા ના લગ્ન યોજાશે આજે વૃંદાવન બાગથી શ્રી રાજેન્દ્ર બાપુ તથા નિંગાળા ના મહંત શ્રી અમર દાસ બાપુ પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર તથા અનેક સંતો અને ગામ આગેવાનો અને ચુંદડી ઓઢાડવા તથા ઘરેણા ચડાવવા તુલસી માતા ને રાજુલા આવ્યા હતા શાસ્ત્રોત વિધિ કથાકાર મનસુખ દાદા રાભડા તથા દાદા રામપરા ચુંદડીની વિધિ કરાવી હતી તેમજ હવે તારીખ ૧૨ ૧૧ ના રોજ રામપરા વૃંદાવન બાગમાં શ્રી અખંડ રામ પારાયણ તારીખ ૧૧ ને ૯:૦૦ સવારે તથા સુંદરકાંડ નો પાઠ મંગળવારે સવારે ૦૮:૦૦થી ૧૨.. કલાક સુધી તેમજ મહા આરતી પ્રસાદ ૧૨:૦૦ કલાકે ..સવારે ૯:૦૦ કલાકે મંડપ મુહૂર્ત ..તેમજ ૧૧:૩૦ કલાકે મહા અન્નકૂટ દર્શન ..તથા ૧૨ ૧૫ કલાકે મંદિર ઉપર ધ્વજારોહણ કાર્યક્રમ રામપરા વૃંદાવન બાગમાં ધ્વજ રોહન કાર્યક્રમ ના મુખ્ય દાતા દુલાભાઈ અવધ. મહાપ્રસાદ ના દાતા બાબુભાઈ તથા દુલાભાઈ .સોમાભાઈ તથા પાર્ટીના મુખ્ય દાતા એવા નકાભાઈ વણઝર આમ એક જાન વૃંદાવન થી આવશે અને એક જાન ખાંભા તાલુકાના પાટી રામજી મંદિર થી પુજારી શ્રી આવશે મુખ્ય દાતા નકા ભાઈ વણઝર ખાંભા પાટી તેમજ અન્ય દાતાશ્રી વીરાભાઈ .બાબુભાઈ વાવડીયા. તથા ઝંડુરભાઈ વાઘ .તથા હમીરભાઈ રામ ભાઈ વાઘ .સાદુળભાઈ વાઘ. તથા હરેશભાઈ રામ તથા સાદુળભાઈ જામકા તથા ભોજાભાઈ વાઘ લાલાભાઈ વાઘ સાદુળભાઈ વાઘ જામકા તથા બીજલ ભાઈ જામકા તેમજ વરપક્ષના દાતા શ્રી ભરત ભાઈ શ્રીજી શ્રી વાઘ તથા બાબુ ભાઈ વાવડીયા તથા ઝંડુરભાઈ રામ તથા અગ્રણી એ વગેરે દાતાઓ દ્વારા પણ તડામાર તૈયારીઓ થઈ રહી વૃંદાવન બાગ આ તુલસી વિવાહ કાર્યક્રમ ભવ્ય રીતે થઈ રહ્યો છે ત્યારે બાળાઓ સંતો મહંતો ગ્રામ્ય જનો સહિતને ઉપસ્થિત રહેવા મહંત શ્રી રાજેન્દ્ર બાપુ તથા ગ્રામ્ય જનો તથા સેવક સમુદાય દ્વારા આમંત્રણ પાઠવાયું છે

## ખાલસા કંથારીયામાં ૭ વર્ષની બાળકીનો સિંહણે ભોગ લેતાં રૂપિયા ૫ લાખની સહાય


### મૃતકનાં પરિવારને સરકારે ૫ લાખનો ચેક અર્પણ કર્યો



રાજુલા, (કનુભાઈ વરૂ) અમરેલી જિલ્લામાં આવેલ જાફરાબાદ તાલુકાના ખાલસા કથારીયા ગામમાં ૨ દિવસ પહેલા ૭ વર્ષની બાળકી માતા સાથે વાડી વિસ્તાર માંથી ઘરે આવતા સમયે સિંહણ દ્વારા માસૂમ બાળકીને સિંહણએ દબોસી ઉપાડી ઢસડી લઈ જતા દોડધામ મચી હતી વનવિભાગ આસપાસના લોકોએ શોધખોળ હાથ ધરી મોડી રાતે શરીરના કેટલાક અવશેષો જ મળ્યા બાળકીનો સિંહણ દ્વારા શિકાર કર્યો જેના કારણે ભારે ગભરાટ સાથે ફફડાટ ફેલાયો અને માસૂમ બાળકીનો જીવ સિંહણએ લેતા શોકમય માહોલ સર્જાયો હતો વનવિભાગ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરી સિંહણને દબોસી પાંજરે પુરી એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવી હતી અને સમગ્ર ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભારે ભયનો માહોલ છવાયો અને લોકોમાં નારાજગી પણ જોવા મળી હતી. મૃતક કીર્તિનો સિંહણ દ્વારા શિકાર કર્યા બાદ વનવિભાગ દ્વારા પંચરોજ કામગીરી કર્યા બાદ મૃતકના પરિવારના નિવેદનો લીધા બાદ રાજય સરકારના નિયમ પ્રમાણે રૂ.૫ લાખનો ચેક મૃતકના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો હતો જેમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે ૫ લાખનો ચેક અર્પણ કરવામા આવ્યો હતો જેમાં ઈર્ખ જી.એલ.વાઘેલા,જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ,જાફરાબાદ કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા,સરપંચ ચંપુભાઈ વરૂ, સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિતલમાં અન્નકુટ મહોત્સવ યોજાયો

### શ્રી સત્યનારાયણ મંદિરે અન્નકુટનું આયોજન



તસ્વીરઃ- અરૂણ ભટ્ટ

અમરેલી,

અમરેલી જિલ્લાના ચિતલ ગામે હસુભાઈ દવે ના આંગણે બિરાજમાન શ્રી સત્યનારાયણ ભગવાન ના મંદિર ખાતે તા.૦૨/૧૧/૨૪ બેસતાવર્ષ ને દિવસે અતિભવ્ય ઔલોકિક ઠાકોરજીના ભવ્ય અન્નકૂટ દર્શન યોજાયા આ તકે ઠાકોરજીને અન્ય વિવિધ અને અલગ-અલગ ઠાકોરજી ને વાનગીઓ ધરવામાં આવી. આ શ્રદ્ધાળુએ લ્હાવો તથા મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. હર્ષિલભાઈ દવે ચિતલ ની યાદી જણાવે છે.

## ચલાલામાં વોકલ ફોર લોકલના સુત્રને સાર્થક કરતા ધારાસભ્ય શ્રી કાકડીયા



ચલાલા, (પ્રકાશ કારીયા)જાગૃત અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા એ ચલાલા ની દરેક બજાર પોતે લોકલ ખરદી કરી વોકલ ફોર લોકલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના સુત્ર સાર્થક કર્યુ હતું.આ તકે ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સાદ્રાણી, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ના મંત્રી પ્રકાશભાઈ કારીયા, ભૈયલુભાઈ વાળા, ડૉ. દેવકુભાઈ વાળા, ચાપરાજભાઈ ધાધલ, ભૈયલુભાઈ બસીયા, સહીત આગેવાનો લોકલ ખરીદી મા જોડાયા હતા, ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા ને લોકલ ખરીદી કરતી વખતે વેપારીઓ એ હર્ષ થી વધાવ્યા હતા..ચલાલા શહેરીજનો ખુબ જ ઉત્સાહ ઉંમગ ભેર દિવાળી ના તહેવારો ઉજવી રહ્યા છે.

## ડેડાણના અગ્રણીશ્રી સુરેશભાઇ નસીતની કૃભકોના ડેલીગેટ તરીકે વરણીને આવકાર

### ડેડાણ સેવાસહકારી મંડળીના આગેવાનો દ્વારા ખુશી વ્યક્ત



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી) ડેડાણ સેવા સહકારી મંડળીના કમિટી સભ્ય સુરેશભાઈ રાણાભાઈ નસીતની કૃભકોના ડેલીગેટ તરીકે બિનહરિફ વરણી થતાં મંડળના મંત્રીશ્રી પ્રભાશંકરભાઈ જાની, સહમંત્રી ચંદ્રેશપરી, કમિટી પ્રમુખ વસંતરાય દોશી, મણીભાઈ જોષી, મનસુખભાઈ સાવલીયા, હિંમતખાન પઠાણ, ભાણાભાઈ મકવાણા, ઈબ્રાહીમ ભાઈ ગૌરી, ચેરનભાઈ જાની, બાબુભાઈ મકવાણા, હરેશચંદ્ર કોટીલા, વાસુર ભાઈ વહરા, ઘનશ્યામભાઈ કચ્છી, રમેશપરી ગોસાઇ, સતારભાઈ ટાંક, અયુબખાન પઠાણ, બિજલભાઈ વિંઝુડા, ફાતમાબેન ટાંક અને કમિટીએ બિનહરિફ વરણીને આવકારેલ છે અને ખુશી વ્યકત કરી છે.

### રૂા. ૨૫ કરોડના ખર્ચે બની રહેલ રિવરફ્રન્ટનું ભુમિ પુજન કરાયું

## રિવરફ્રન્ટ બાંધવા વિકાસનાં નામે તાયફો

### સમગ્ર વિકાસ પાયાગત સુવિધાથી વંચિત : નિર્મળ વાટલીયા

અમરેલી, સાવરકુંડલા મા રુપિયા ૨૫ કરોડ ના ખર્ચે બની રહેલ રિવર ફ્રન્ટ નુ ભૂમિ પુજન થયુ જે સાવરકુંડલા ના ઈન્ફ્રા સ્ટ્રક્ચર માટે આવકાર દાયક છે. પરંતુ આજે વિસ્તાર અનેક પાયાગત સુવિધા થી વંચીત વિસ્તાર મા આધુનિક સુવિધા થી સજ્જ હોસ્પિટલ ની ઉણપ છે. વિસ્તાર ની પ્રજા ને એમ.આર.આઈ કેસીટી સ્કેન માટે પણ દુર ના શહેરો મા જવા મજબુર થયા છે. વિસ્તાર ના યુવાનો ને ઉચ્ચ શિક્ષણ જેમકે વાણિજ્ય, ઈજનેરી અને મેડિકલ માટે મોટા શહેરો તરફ પલાયન કરવું પડી રહ્યુ છે. સ્થાનિક ની સુવિધા ના અભાવે યુવાનો એ રોજગાર માટે મોટા શહેરો મા પલાયન કરી રહ્યા છે. પરિણામે ગામડાંઓ ખાલી થઈ રહ્યા છે. ઉપરાંત સિંચાઈ ના પાણી, વીજળી વગેરે જેવી પાયાગત સુવિધા થી વિસ્તાર વંચીત રહ્યો છે. તો સૌપ્રથમ આ સુવિધા ને ઉભી કરવામાં આવે તેમ નિર્મળ વાટલિયા એ જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડમાં મરચાની ધુમ આવક

### માર્કેટયાર્ડમાં વેપારીઓનો ધમધમાટ વધશે

અમરેલી,અમરેલી માર્કેટયાર્ડમાં દિવાળી પર્વની રજાઓ પૂર્ણ થતા લાભપાંચમના શુભ દિને માર્કેટયાર્ડની કામગીરી રાબેતા મુજબ થયેલ. ખૂલતા દિવસે જ મગફળી ૯૦૦૦ મણ, સોયાબિન ૧૨૦૦ મણ, કપાસ ૮૦૦૦ મણ તથા તલ ૧૫૦૦ મણ જેટલી આવક થયેલ તેમજ લાલ સુકા મરચાની સિઝન શરૂ થતાં લાભપાંચમથી મરચાની હરરાજી શરૂ કરવામાં આવેલ જેમાં પ્રથમ દિવસે જ ૩૦ ભારીની આવક થયેલ. આમ, રજાઓ બાદ ખૂલતા દિવસે ખૂબ જ સારી આવક થયેલ તેમજ મગફળીનો ઉંચો ભાવ રૂા. ૧૨૮૦/- તેમજ સરેરાશ રૂા. ૧૧૬૦/-, સોયાબિનનો ઉંચો ભાવ રૂા.૮૮૫/- તથા સરેરાશ ભાવ ૮૩૨/-, કપાસનો ઉંચો ભાવ રૂા. ૧૬૫૧/- તથા સરેરાશ ભાવ ૧૫૦૬/-, સફેદ તલ ઉંચો ભાવ રૂા. ૨૫૯૦/- તથા સરેરાશ ભાવ ૨૪૧૫/-, કાળા તલ ઉંચો ભાવ રૂા. ૩૮૯૫/- તથા સરેરાશ ભાવ ૩૬૩૦/- જયારે લાલ મરચાનો ડીલક્ષ રૂા.૨૮૦૦થી રૂા. ૩૦૦૦/-, મિડીયમ બેસ્ટ રૂા. ૨૪૦૦/-થી રૂા. ૨૬૦૦/-, ફટકી લાલ કટ રૂા. ૧૦૦૦/-થી રૂા. ૧૪૦૦/- તથા ફટકી ચાલુ રૂા. ૬૦૦થી રૂા.૯૦૦/-ના ભાવે વેંચાણ થયેલ આમ, ખૂલતામાં જ સારી એવી આવક થયેલ સાથે સાથે ખેડૂતોને સારા ભાવો મળેલ તેમ માર્કેટયાર્ડના સેક્રેટરીશ્રી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

## અમરેલીમાં કષ્ટભંજન પ્રિમીયર લીગ-ડે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

### પોલીસ ગ્રાઉન્ડ ખાતે ૧૨ ટીમોએ ભાગ લીધો



તસ્વીરઃ- અરૂણ ભટ્ટ

અમરેલી,અમરેલી પોલીસ ગ્રાઉન્ડ ખાતે કષ્ટભંજન પ્રિમીયર લીગ ૧ ડે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ ટુર્નામેન્ટ ના મુખ્ય સ્પોન્સર DWS studio તરફથી તમામ મેચ માં મેન ઓફ ધ ને ટ્રોફી એનાયત કરવામાં આવેલ હતી તેમજ કુલ ૧૨ ટીમ પૈકી મહાદેવ ઈલેવન અમરેલી તથા બાલાજી ઈલેવન ઈશ્વરીયા વચ્ચે ફાઇનલ મેચ યોજયેલ જેમાં મહાદેવ ઈલેવન અમરેલી વિજેતા બનેલ હતી વિજેતા ટિમ ને અમરેલી માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન શ્રી શૈલેષભાઈ સંઘાણી દ્વારા ટ્રોફી તથા ઈનામી રાશિ પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવેલ હતી ઉપવિજેતા ટિમ ને અપ્પુભાઈ વાજા દ્વારા ટ્રોફી તથા ઈનામી રાશિ પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવેલ ટુર્નામેન્ટ માં ફાઇનલ મેચ માં મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સિરિઝ જેડી તથા બેસ્ટ બોલર મહાદેવ ઈલેવન ના રવિ જોશી બનેલ હતા તેમજ બંને મહાનુભાવો પીઆઈ કમલ સાહેબ, અને કમાન્ડો જયસુખ ભાઈ દ્વારા બંને ટીમો ને અભિનંદન આપવામાં આવેલ તેમજ કષ્ટભંજન ગ્રુપ ને સુંદર ટુર્નામેન્ટ નું આયોજન કરવા બદલ અભિનંદન આપેલ

## વડેરામાં પરપ્રાંતિય મહિલાને પ્રસુતિની પીડા ઉપડતાં તત્કાલ સારવાર અપાઇ

### હિમોગ્લોબીન ઓછુ હોવાથી અમરેલી રિફર કરાઇ



તસ્વીરઃ- અરૂણ ભટ્ટ

અમરેલી,

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ના સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત અને કાજલબેન જાદવ અને બીલ્કીસબેન ભટ્ટી દ્વારા વડેરા વાડી વિસ્તારમાં રહેતા મનિષાબેન સુનીલભાઈ ભૂરીયા ૦૯ માસ જેઓનું હિમોગ્લોબીન ૦૮ ટકા હોઈ જેઓ અતિજોખમી સગર્ભા મા હોઈ જેઓ ને ઉપરોક્ત સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ ની મદદથી રીફર કરવામાં આવેલ હતી.

## અમરેલીમાં તરૂણી સાથે દુષ્કર્મ આચરી ધમકી આપી

અમરેલી,અમરેલીમાં તરૂણી સાથે મુળ ઢસા પાસે આવેલ પાટડા ગામના કલ્પેશ ઉર્ફે કમલેશ બારોટે દુષ્કર્મ કરવાના ઈરાદે પોતાના ત્રણ વર્ષના દિકરાને ઈરાદા પુર્વક ભોગ બનનાર પાસે રમવા મોકલી થોડીવારમાં પોતાના દિકરાને સુવડાવવો છે તેમ કહી ભોગ બનનારને પોતાના દિકરાને ઘરે મુકી જવાનું કહી પોતાના ઘરે બોલાવી મોઢા ઉપર રૂમાલ બાંધી ઢસડી ઘરના પાછળના રૂમમાં લઈ જઇ દરવાજો બંધ કરી ભોગ બનનારને ગોંધી રાખી આંખો પર પટ્ટી બાંધી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પી.આઇ. કે.બી. જાડેજા ચલાવી રહ્યા છે.

## રાજુલાના દાતરડી ગામે સામસામી મારામારી

અમરેલી,રાજુલા તાલુકાના દાતરડી ગામે કોમલબેન ઉર્ફે રેખાબેન વનરાજભાઈ ભીલ ઉ.વ.૩૫ના પતિ પોતાનું બાઈક લઈને વાડીએથી ઘરે આવી અને કોમલબેનના ઘરનો રસ્તો આરોપીના ઘરના ફળીયામાંથી હોય જેથી બાઈક ફળીયામાં ઉભુ રાખી ઘરનો ડેલો ખોલતાં હોય જેથી જેરામ માવજીભાઈએ ગાળો બોલતાં ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ કુહાડી વડે તથા ગોરધન માવજીભાઈએ પાઈપ વડે મારમારી ઈજા કરતાં કોમલબેન પતિને બચાવવા જતાં તેને કુહાડીનો ઘા મારતાં નાક ઉપર ગંભીર ઈજા કરી દયાબેને લાકડીનો ઘા માથામાં મારી દયાબેન તથા સોનલબેન પથ્થરના છુટા ઘા મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજા મદદગારી કરી ગુનો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે જેરામભાઈ માવજીભાઈ ભીલે વનરાજે પોતાનું બાઈક ઘરના ફળીયામાં મુકેલ હોય જે લઈ લેવાનું કહેતાં ઉશ્કેરાઇ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા લોખંડની રાપ વડે માથામાં એક ઘા મારી ટાકા લાવી જીતુ છગનભાઈ ભીલે પાઈપ ડાબા હાથે મારી રેખાબેન વનરાજભાઈ ભીલ તથા મનિષાબેન જીતુભાઈ ભીલે આવીને પથ્થરના છુટા ઘા મારી નાની મોટી ઈજાઓ કરી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અમરેલી ભાજપના પાયાના કાર્યકર

## અમરેલી શહેરનાં વેપારી અગ્રણી શ્રી રમેશભાઇ કંસારાનું નિધન : શોક

### ભાજપના સૌથી જૂના આગેવાનની વિદાયથી કાર્યકરોમાં ઘેરો શોક

અમરેલી,

અમરેલી શહેરના ભાજપના પાયાના કાર્યકર અને શહેરના અગ્રણી વેપારી શ્રી રમેશભાઈ કંસારા નું નિધન થતાં ભાજપના કાર્યકરોમાં ઘેરા શોક ની લાગણી ફરી મળી છે. ભાજપના પ્રારંભકાળના કાર્યકર શ્રી રમેશભાઈએ સંઘર્ષ કરી ભાજપના પાયા મજબૂત કર્યા હતા તેમના નિધનના સમાચારથી ભાજપના જુના કાર્યકરોમાં શોક ની લાગણી છવાઈ છે

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ




બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર ૧૮૮ (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
રાજુલા,સાવરકુંડલા,અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
✚ કૈલાશ ક્લીનીક ✚
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવલીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવલીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫


# બગસરાનાં સુડાવડ અને પાદરગઢનાં બુટલેગરો વચ્ચે માથાકુટ થતાં સુડાવડનાં બુટલેગરની હત્યા

## મૃતકનું પીએમ ભાવનગર સરકારી દવાખાને કરવા તજવીજ : આરોપીઓ હાથવેતમાં

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા તાલુકાના સુડાવડ


તસવીર : સમીર વિરાણી

ગામના તેમજ પાદરગઢ ગામના બે દારૂના બુટલેગર વચ્ચે ધંધાકીય માથાકુટ થતાં સુડાવડના જયદિપભાઇ જેતુભાઇ વાળા ઉ.વ.૨૪ની પાદરગઢના સંજય ભાણાભાઇ વાળા ઉ.વ.૨૪, જયદિપ દિનેશભાઇ વાંક ઉ.વ.૨૩ સહિત ત્રણ શખ્સોએ હત્યા કરતાં મરણજનારની લાશને અમરેલી સિવીલ હોસ્પિટલમાં લાવેલ જેમનુ પીએમ ભાવનગર સિવીલ હોસ્પિટલમાં કરવામાં આવશે. આ બનાવ બનતા બગસરાના પોલીસ અધિકારી અમરેલી દવાખાને દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે.

આ હત્યાના બનાવમાં ત્રણેય આરોપીઓ પોલીસની હાથવેતમાં હોવાનું જાણવા મળ્યું છે.


લાભ પાંચમ્ એવમ્ દેવદિવાળીની હાર્દિક શુભકામનાઓ
સંવત ૨૦૮૧ નું નવુ વર્ષ આપ સૌને યશસ્વી, ફળદાયી નિવડે, નવા વર્ષમાં આપના સંકલ્પો સિધ્ધ થાય, રિધ્ધી-સિધ્ધી સુખ-સમૃધ્ધિ અને ઐશ્વર્ય આપના કદમ ચુમે આપ સૌનું જીવન આરોગ્યપ્રદ, તંદુરસ્તપ્રદ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.
:: શુભેચ્છક ::
કિશોરભાઇ કાનપરીયા
પ્રમુખશ્રી તાલુકા પંચાયત અમરેલી
પ્રમુખશ્રી વિઠલપુર સેવા સહકારી મંડળી લી.

સમભાવ હોસ્પિટલ
ડો.દેવકી એ.મોગા M.B., DVD (Skin & VD)
dr.devkivala@gmail.com
અમરેલીમાં સૌ પ્રથમ વિશ્વની સૌથી આધુનિક Fractional CO2 લેસર સારવાર હવે સમભાવ માં
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ઘડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ ૯૮૨૪૨ ૫૬૧૫૮

કલરવ હોસ્પિટલ
ડો. મિથિલ આર.પટેલ
સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?
ફ્રી ડિલીવરી સિઝેરિયન ઓપરેશન
કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ફોન નં. (02792) 221322

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૯૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

નૂતન વર્ષાભિનંદન
અનંતા હોસ્પિટલ-અમદાવાદ
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શલ કાર્ડિઓલોજીસ્ટ)
ડો.કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી.-ગાયને, ઇન્ફર્ટીલીટી સ્પે.)
કાર્ડિયાક વિભાગ / યુરોલોજી / ઓર્થોપેડીક / ડાયાલીસીસ ની સારવારમાં આયુષ્માન કાર્ડ યોજના કાર્યરત છે
ડોક્ટર હાઉસ અમરેલી ખાતે બીજા સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલીસ્ટ
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શલ કાર્ડિઓલોજીસ્ટ)
ડો.આકાશ માકડીયા (પિડીયાટ્રીક ઓર્થો સર્જન)
ડો.અલ્પેશ કિકાણી (ઓન્કોલોજીસ્ટ અને હિમેટોલોજીસ્ટ)
ડો.મનિષ પટણી (ન્યુરોફિઝીશયન)
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૯૪૩૪

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ
ડૉ. ચિરાગ ફુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતિ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
ડૉ. ઉપાસના સી. ફુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી

બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ-અમરેલી
24×7 ઇમરજન્સી સેવાઓ ચાલુ છે.
ડો.અશોક એન.પરમાર M.D. MEDICINE

દાંતની સારવાર માટે હવે રાજકોટ કે અમદાવાદ જવાની જરૂર નથી
અમરેલી જીલ્લાના એકમાત્ર M.D.S.
ડો. મિલન બી. રૈયાણી (B.D.S., M.D.S.) (Ortho), Fellow W.F.O.
ડો. રચના એમ. રૈયાણી BDS- Dental Surgeon
વાંકા-ચુકા તથા આગળ પડતા દાંત અને જડબાની સારવારના નિષ્ણાંત અને દાંતને લગતા તમામ પ્રકારના રોગોની સારવાર માટેની એક માત્ર હોસ્પિટલ
રૈયાણી મલ્ટિસ્પેશિયાલિટી ડેન્ટલ હોસ્પિટલ
માણેકપરા મેઇન રોડ, લાઇફ લાઇન કોમ્પલેક્ષ સામે, અમરેલી

"આધુનિક મહિલા માટે ભવ્ય ઘરેણાં"
શ્રી જવેલર્સ
કોઇપણ ઘરેણાની ઘડામણ ઉપર ૩૦% ની છુટ
કેરીયા રોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપ સામે, સ્ટેશન રોડ, અમરેલી.
PH : 99240 44244

અમરેલી જિલ્લાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશ ખબર...
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ (ડો.રામાનુજ હોસ્પિટલ) ખાતે
યુરોલોજી વિભાગ
આયુષ્માનકાર્ડ ધારકોને યુરોલોજી વિભાગમાં પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગને લગતાં ઓપરેશન કરી આપવામાં આવશે.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ - સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૫૮૦ / ૨૩૩૫૮૦

SUZUKI
TYOHAAR KA UPHAAR!
Access125 Avenis BURGMAN GIXXER SF V-STROM SX
EXTENDED WARRANTY 10 YEARS | EXCHANGE OFFER UP TO ₹10000 | LOAN UP TO 100% | CASHBACK OFFER UP TO ₹6000 | NO HYPOTHECATION
જલારામ સુઝુકી | ચિતલ રોડ, અમરેલી.

અમરેલી શહેરમાં ઓપીડી
ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ
ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
તારીખ : ૦૮-૧૧-૨૦૨૪ (શુક્રવાર)
તપાસ ફી ૬૦૦/-
રાજ હોસ્પિટલ 24×7 ટ્રોમા સેન્ટર

TVS Jupiter 125 ₹81311
TVS RAIDER ₹91935
શ્યામ TVS
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. 89589 89789

N.J. SECURITIES SINCE 1988
દરેક સ્વપ્ન થશે સાકાર
તમે શેમાં કરશો રોકાણ ???
● મ્યુચ્યુઅલ ફંડ ● હેલ્થ ઇન્સ્યોરન્સ
● ફિક્સ ડિપોઝીટ ● ઇક્વિટી કોમોડિટી ટ્રેડિંગ
● બોન્ડ્સ ● ડિમેટ સર્વિસ
● લાઇફ ઇન્સ્યોરન્સ ● પી. એમ. એસ.
N. J. Securities
94295 01579
94292 01579
"શ્રીજી કૃપા", કાપડ બજાર, જુની શાકમાર્કેટ પાછળ, અમરેલી
www.njsecurities.in | info@njsecurities.in